# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date: 26-04-2025 Day: Saturday Evening: 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી- રોજગાર મેળો

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, જ્યારે યુવાનો રાષ્ટ્ર નિર્માણમાં ભાગ લે છે, ત્યારે રાષ્ટ્ર ઝડપથી વિકાસ પામે છે અને વિશ્વમાં પણ પોતાની આગવી ઓળખ ઊભી કરે છે. શ્રી મોદીએ ઉમેર્યું , આજે દેશના યુવાનો પોતાની મહેનત અને નવીનીકરણ દ્વારા વિશ્વને બતાવી રહ્યા છે કે દેશમાં કેટલી ક્ષમતા છે. પ્રધાનમંત્રીએ આજે રોજગાર મેળામાં વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા વિવિધ સરકારી વિભાગો અને સંગઠનોમાં 51 હજારથી વધુ નવનિયુક્ત યુવાનોને નિમણૂક પત્રોનું વિતરણ કરતાં આ મુજબ જણાવ્યું હતું.

દરમિયાન, રાજ્યમાં પણ અમદાવાદ અને વડોદરામાં કેન્દ્રીય મંત્રીઓની ઉપસ્થિતિમાં રોજગાર મેળાનું આયોજન કરાયું હતું. વડોદરામાં અંદાજે 764 યુવાનોને અને અમદાવાદમાં આયોજિત રોજગાર મેળામાં 296 યુવાનોને નિમણૂક પત્રો અર્પણ કર્યા હતા. આ ઉપરાંત સુરતમાં પણ 200થી વધુ યુવાનોને નિમણૂક પત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

---

## મન કી બાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 121મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના કાર્યક્રમનાં પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક , આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન A.I.R મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારીત કરાશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

---------------------------------------------------------------------------------------

## <u>અગત્યની જાહેરાત</u>

મન કી બાત કાર્યક્રમને આવરી લેતું વિશેષ કચ્છી બુલેટીન આકાશવાણી ભુજ પરથી આવતીકાલે સાંજે ૭ વાગીને ૫ મીનીટે પ્રસારિત કરાશે.

અગત્યની જાહેરાત પૂરી થઇ

---------------------------------------------------------------------------------------

## <u>હાજીપીરના મેળાનો પ્રારંભ</u>

કચ્છમાં રણકાંધીએ આવેલા સોઢ્રાણાના શહેનશાહ હાજીપીર બાબાના ત્રિ-દિવસીય મેળાનો આજે શનિવારથી પ્રારંભ થયો છે.

સોમવાર સુધી ચાલનારા આ મેળાને પગલે રણકાંધીએ મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટ્યું છે. મેળા પહેલા 50 હજાર જેટલા લોકો હાજીપીરની સલામી ભરીને પરત પોતાના ઘરે પહોંચી ગયા છે.

ઉલ્લેખનીય છે કે, હાજીપીરની દરગાહે સલામી માટે દર વર્ષે સમગ્ર ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાનથી પગપાળા તેમજ વાહનો મારફતે લોકો આવતા હોય છે.

હાજીપીરના મેળાની સાથે સાથે નજીકમાં જ આવેલા કરોલપીરના સ્થાનકે પણ મેળો ભરાતો હોય છે અને બખમલાખડા સહિતના કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવે છે.

---------------------------------------------------------------------------------

## દીનદયાળ પોર્ટ ઓથોરિટી કંડલા

દીનદયાળ પોર્ટ ઓથોરિટી કંડલાએ ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ૨૫ દિવસમાં 10 મિલિયન મેટ્રિક ટન કાર્ગોનું હેન્ડલિંગ કર્યું છે. મહાબંદરે ગયા વર્ષની સમયરેખા કરતા બે દિવસ આગળ 25 એપ્રિલ, 2025 સુધીમાં 10 MMT કાર્ગો હેન્ડલિંગનો આંકડો પાર કરીને મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કર્યો છે.

DPAના અધ્યક્ષ સુશીલ કુમાર સિંઘે તમામ હિસ્સેદારો, બંદર વપરાશકર્તાઓ, ટ્રેડ યુનિયનો અને કામદારોને આ સિદ્ધિ પ્રાપ્ત કરવામાં તેમના નોંધપાત્ર યોગદાન બદલ અભિનંદન પાઠવ્યા હતા.

---------------------------------------------------------------------------------

## અંધજન મંડળ ભુજ

રાજય સરકાર દ્વારા દિવ્યાંગો માટે વર્ગ-1 થી લઈને વર્ગ-૩ માટે વિવિધ સરકારી જગ્યાઓની જાહેરાત કરવામાં આવી છે. ભુજ અંધજન મંડળ દ્વારા દિવ્યાંગ વ્યક્તિઓ માટે એક મહત્વપૂર્ણ પહેલ રૂપે GPSC અને અન્ય સરકારી પરીક્ષાઓ માટે ફોર્મ ભરવાની નિઃશુલ્ક સેવા આપવામાં આવશે. સંસ્થા દિવ્યાંગ ઉમેદવારોને તેમની લાયકાત મુજબ યોગ્ય કેટેગરીમાં ફોર્મ ભરવામાં માર્ગદર્શન પણ આપશે.

ફોર્મ ભરવા માટે ઉમેદવારોએ શાળાનું પ્રમાણપત્ર, જાતિ પ્રમાણપત્ર, વિકલાંગતાનું સર્ટિફિકેટ, શૈક્ષણિક માર્કશીટ, ડિગ્રી સર્ટિફિકેટ અને પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ, સહિતના ડોક્યુમેન્ટ સાથે લાવવાના રહેશે. ફોર્મ ભરવાની સુવિધા સવારે સવારે

10થી સાંજે 5 વાગ્યા સુધી ભુજ ઉપરાંત નખત્રાણા, નલીયા અને મુન્દ્રામાં પણ અંધજન મંડળના કેન્દ્રો ખાતે ઉપલબ્ધ કરવામાં આવી છે.

---

## જગડીયા ડેમ

અબડાસામાં જગડીયા ડેમમાંથી આવતું પાણી પીવાલાયક ન હોવાથી ગરડા વિસ્તારમાં પાણીની ગંભીર સમસ્યા સર્જાઈ હોવાની રાવ ઉઠી છે.

જગડીયા ડેમમાં વરસાદ પછી માત્ર બે મહિના સુધી જ પાણી શુદ્ધ રહે છે. ત્યારબાદ પાણી ખારું થઈ જાય છે. આ દૂષિત પાણીથી લોકોને ઝાડા, ઉલ્ટી અને તાવ જેવી બીમારીઓ થતી હોવાની રજૂઆત સ્થાનિક લોકોએ કરી છે. પશુઓ પણ આ પાણી પીવાનું ટાળે છે તેમ જાણવા મળ્યું છે. ત્રણ વર્ષ પહેલાં રસલીયા લાઈન દ્વારા શુદ્ધ પાણી મળતું હતું. જેથી, ફરીથી રસલીયાના બોરમાંથી પાણી પૂરું પાડવામાં આવે તેમ જગડીયા, ગોયલા, મોખરા, ઐડા, સધીરાવાઢ અને વલસરા વિસ્તારના લોકો તંત્ર સમક્ષ માંગણી કરી છે.

---

## ઓવરલોડ વાહનો સામે કાર્યવાહી

ભચાઉનાં શિકારપુર રણમાંથી ઓવર લોડ મીઠુ ભરી હાઇવે પર ચાલતા તેમજ ટ્રાફિક નિયમનનો ભંગ કરતા 25 ભારે વાહનોને સામખિયાળી પોલીસ દ્વારા ડીટેઇન કરવાની કાર્યવાહી કરવામાં આવી છે. આ માટે સામખિયાળી નજીક હાઇવે પર પોલીસ દ્વારા સ્પેશિયલ ડ્રાઇવ યોજી હાઇવે પર જોખમી રીતે ચાલતા આ વાહનોને પકડીને કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

---

## હવામાન

કચ્છમાં કાળઝાળ ગરમી વચ્ચે હવામાન વિભાગે 3 દિવસ બાદ હજુ પારો 2થી 3 ડિગ્રી ઉંચકાઇને તાપમાન 40થી 44 ડિગ્રી વચ્ચે રહેવાની સંભાવના વ્યક્ત કરી છે. આગામી સાત દિવસ હવામાન શુષ્ક રહેશે તેમ પણ જણાવાયું છે.

જિલ્લામાં હાલ પણ અંગ દઝાડતી ગરમી બરકરાર છે. આકરી ગરમીના કારણે રાપર, ભચાઉથી લઈને છેક અબડાસા લખપત સુધીના વિસ્તારોના લોકો બપોરથી લઇને સાંજ સુધી ઘરથી બહાર નીકળવાનું ટાળી રહ્યા છે.

---